# મહેસાણામાં મંગળવારે વધુ સાત કેસ

## કુલ ૧૧૪ કેસ : મહેસાણા જિલ્લામાં એક દર્દીનું અવસાન : જિલ્લામાં કુલ ૮ના અવસાન : ચાર દર્દીઓ કોરાના મુક્ત, કુલ ૮૨ દર્દીઓએ કોરાનાને પરાસ્ત કર્યો

મહેસાણા

મહેસણા જિલ્લામાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ મુજબ ૦૨ જુન સુધીમાં ૧૫૮૪ સેમ્પલ લેવામાં આવેલ હતા જેમાંથી ૧૩૯૨ સેમ્પલનું પરીણામ નેગેટીવ આવેલ છે. મહેસાણા જિલ્લામાં મંગળવારે ૪૮ સેમ્પલના પરીણામ આવ્યા હતા.જેમાંથી ૪૫ સેમ્પલના પરીણામ નેગેટીવ અને ૦૩ સેમ્પલના પરીણામ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત અન્ય ૦૪ પરીણામ અન્ય જિલ્લાની લેબમાં પોઝીટીવ આવેલ છે જેથી જિલ્લામાં મંગળવારે કોવિડ-૧૯ના ૦૭ પોઝીટીવ કેસ નોંધાયા છે.

મંગળવારે ૦૪ દર્દીઓ કોરોનાને પરાસ્ત કરતાં મહેસાણા સાંઇ ક્રિષ્ણા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે. જિલ્લામાં કુલ એક્ટીવ કેસ ૨૯ છે અને જિલ્લામાં આજ દિન સુધી ૮૨ લોકોએ કોવિડને પરાસ્ત કરેલ છે.

આ ઉપરાંત ૦૧ જુનના રોજ કોવિડ-૧૯ના દર્દી ૬૦ વર્ષીય હરીભાઇ એન રાવલનું સારાવર દરમિયાન અવસાન થયેલ છે. વડનગર તાલુકાના ઉણાદના વતની હરીભાઇને ૩૦ મે ના રોજ કોવિડ-૧૯ પોઝીટીવ આવેલ હતો જેઓનું અવસાન થતાં જિલ્લામાં કોવિડ-૧૯ના આજ દિન સુધી ૦૮ દર્દીઓના અવસાન થયેલ છે..

મહેસાણા જિલ્લામાં મંગળવારે જાહેર થયેલ કોવિડ-૧૯ના સાત દર્દીઓની વિગતો મેળવીએ તો (૧) જોટાણાના વતની ૪૦ વર્ષીય બીનાબેન રાવલ જેઓ ગોપાલજીનો માઢ જોટાણા ખાતે રહે છે અને એસ.એ.આર.આઇ થોઇરોઇડ અને ડાયાબીટી છે જેઓને સાંઇ ક્રિષ્ણા હોસ્પિટલ ખાતે દાખલ કરેલ છે.. (૨)કડીના વતની ૫૫ વર્ષીય હસનઅલી ફકરૂદીન મોગરા જોએમ મંદિર કડી ખાતે રહે છે જેઓને અસ્થમા છે જેઓને સાંઇ ક્રિષ્ણા હોસ્પિટલ ખાતે દાખળ કરેલ છે.(૩)હિમાન્શુ ખમાર ૪૭ વર્ષીય જેઓ જેઓ કડી સરકાર સોસાયટી નાની બાલાપીરની દરગાહ ખાતે રહે છે જેઓને સીમ્સ હોસ્પિટલ અમદાવાદ ખાતે દાખલ કરેલ છે. (૪) મુસ્તકખાન કુરેશી ૪૦ વર્ષીય છે જેઓ દોલાણી પાર્ક કસ્બા કડી ખાતે રહે છે જેઓ પશુપતિ કોટન ઇન્ડ્રસ્ટ્રીઝ કડીમાં ડ્રાઇવર તરીકે કામ કરે છે જેઓને એસ.જી,વી.પી હોસ્પિટલ અમદાવાદ ખાતે દાખલ કરેલ છે.(૫)સોહિલભાઇ પટેલ જેઓ પાનસરાવાસ નાની કડી ખાતે રહે છે ૨૪ વર્ષીય સોહિલભાઇની ડાયાલીસીસ સારવાર ચાલુ છે જેઓને આઇ.કે.ડી.અમદાવાદ ખાતે દાખલ કરેલ છે(૬) ૭૦ વર્ષીય અલી મોહમદ ગાંચી જેઓ કાજીવાસ કપડા બજાર કડી ખાતે રહે છે જેઓને જી.એમ.ઇ. આર.એસ ગાંધીનગર ખાતે દાખલ કરેલ છે (૭)વિમેશકુમાર યાદવ જેઓ સિવિલ કોર્ટની સામે કલોલ દરવાજા કડી ખાતે રહે છે. ૪૬ વર્ષીય વિમેશભાઇને જી. એમ. ઇ. આર. એસ ગાંધીનગર ખાતે દાખલ કરલે છે.

જિલ્લામાં બે કડીમાં અને ૦૧ જોટાણામાં કોવિડ-૧૯ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત જિલ્લાના ચાર કોવિડના દર્દીઓના સેમ્પલ ગાંધીનગર અને અમદાવાદ ખાતેથી લેવામાં આવેલ હતા .જે ચાર દર્દી કડી તાલુકાના છે. જિલ્લામાં મંગળવારે નોંધાયેલ ૦૭ કેસોમાંથી ૦૬ કડી તાલુકાના અને ૦૧ જોટાણા તાલુકાના દર્દીનો સમાવેશ થાય છે.



### જિલ્લા સમાહર્તાએ પ્રાંતિજના ઘડી અને અંબાવાડાના મનરેગા કામોનું નિરીક્ષણ કર્યું

સાબરકાંઠા જિલ્લામાં લોકડાઉનના સમયમાં મનરેગા યોજના શ્રમિકો માટે વરદાન બની છે. પ્રાંતિજ તાલુકામાં મનરેગા હેઠળ ચાલતા ઘડી અને અંબાવાડા ખાતે તળાવ ઉંડુ કરવાના કામોનુ જિલ્લા કલેક્ટર દ્વારા મુલાકાત લઈ નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. આ મુલાકાત સમયે તેમણે શ્રમિકો માટે યોગ્ય વ્યવસ્થાઓ કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. સાબરકાંઠા જિલ્લામાં લોકડાઉનના સમયમાં હાલ મનરેગા યોજના થકી જળ સંચયના કામો થઈ રહ્યા છે. આ કામો થકી સુજલામ સુફલામ જળ અભિયાનના ત્રીજા તબક્કાને વેગ મળવાની સાથે જિલ્લામાં નવી રોજગારીની તકો ઉભી થઈ રહી છે. તા. ૨ જૂન ૨૦૨૦ના રોજ જિલ્લા સમાહર્તા દ્વારા પ્રાંતિજના ઘડી અને અંબાવાડા ખાતે થઈ રહેલા તળાવ ઉંડા કરવાના કામોનુ નિરીક્ષણ કર્યુ હતું. આ સમયે અહિં કામ કરી રહેલા શ્રમિકો માટે કોરોના ગાઇડ લાઇન મુજબ કામો કરવામાં આવી રહ્યા હોવાથી જિલ્લા સમાહર્તા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે આગળ પણ શ્રમિકોને વધુ સારી સુવિધા જેવી કે શુધ્ધ અને ઠંડુ પાણી ગરમીમાં બપોરના સમયે છાયડાની સુવિધા સોશિયલ ડિસ્ટસીંગ જાળવીને કામ તેમજ માસ્ક જેવી બાબતો અંગે ધ્યાન રાખવા જણાવ્યું હતું.

# પાલનપુર રેલવે સ્ટેશને ૧૨૦૦ મુસાફરોનું આગમન

બનાસકાંઠા જીલ્લા મથક પાલનપુર સ્થિત રેલવે સ્ટેશન ખાતે સોમવારે બોરીવલી થી પાલનપુર શ્રમિક ટ્રેનમાં મુંબઇ સહિતના ધીમે છુટછાટો અપાઇ રહી છે. જેમાં અન્ય રાજ્યોમાં ધંધા – વ્યવસાય માટે ગયેલા અને ત્યાં ફસાઇ ગયેલા લોકોને ખાસ ટ્રેનો કરીને તેમના વતનમાં રવાના કરવામાં આવ્યા હતા.

આ અંગે સૂત્રોએ જણાવ્યું હતુ કે, અનલોક – ૧ ની સોમવારે



વિસ્તારમાં રહેતા મુળ બનાસકાંઠા જિલ્લાના ૧૨૦૦થી વધુ લોકોનું આગમન થયું હતુ. જેમનું સ્ક્રેનિંગ સહિતનું ચેકઅપ કરીને તેમના વતનમાં રવાના કરવામાં આવ્યા હતા.વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસ હજુ પણ વિસ્તરી રહ્યો છે. જ્યાં ગુજરાત સહિતના રાજ્યોમાં લોકડાઉન અપાયા બાદ હવે ધીમે મારફતે વતનમાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. દરમિયાન બનાસકાંઠા જીલ્લા મથક પાલનપુર સ્થિત રેલવે સ્ટેશન ખાતે સોમવારે બોરીવલી થી પાલનપુર શ્રમિક ટ્રેનમાં મુંબઈ સહિતના વિસ્તારમાં રહેતા મુળ બનાસકાંઠા જિલ્લાના ૧૨૦૦થી વધુ લોકોનું આગમન થયું હતુ. જેમનું સ્કેનિંગ સહિતનું ચેકઅપ શરૂઆત થયા બાદ બોરીવલી થી પાલનપુર શ્રમિક ટ્રેન સોમવારે પાલનપુર રેલવે સ્ટેશને આવી હતી. જેમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ગઠામણ, ભાગળ સહિત જિલ્લાના અન્ય વિસ્તારના લોકો પરત આવ્યા હતા. જેમનું જરૂરી મેડીકલ ચેકઅપ કરીને બસો દ્વારા વતનમાં મોકલવામાં આવ્યા હતા.

# મોડાસામાં કોરોનાથી ટપોટપ મોતથી ભયનો માહોલ

## મોડાસા શહેરમાં પાંચ અને જિલ્લામાં બે લોકો કોરોના સામે જંગ હાર્યા

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દિન-પ્રતિદિન કોરોના વાયરસના પોઝેટીવ કેસ નોંધાઈ રહ્યા છે. મોડાસા શહેરમાં ૩૯ કોરોના પોઝેટીવ દર્દીઓમાંથી ૫ લોકોના મોત નિપજ્યા છે જેમાં ૪૮ કલાકના સમયગાળામાં ત્રણ લોકોનો મોત નિપજતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. ભિલોડાના ૭૦ વર્ષીય વૃદ્ધ પણ કોરોના રિપોર્ટ પોઝેટીવ આવ્યાના ગણતરીના કલાકોમાં મોત નિપજતા જીલ્લામાં અત્યાર સુધી ૧૨૦ કોરોનાગ્રસ્ત દર્દીઓમાંથી ૭ લોકો કોરોના સામે જંગ હારી જતા તંત્રમાં દોડધામ મચી છે. મોડાસા શહેરની કાર્તિકેય સોસાયટીમાં રહેતા ૭૦ વર્ષીય મહિલા હિંમતનગર સારવાર



દરમિયાન કોરોનાથી મોત નિપજતા કન્ટેન્ટમેન્ટ જાહેર કરેલા વિસ્તારમાં જીલ્લા કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારી અને નગરપાલિકા પ્રમુખ અને ટાઉન પોલીસે મુલાકાત લઈ સમીક્ષા કરી હતી.

અરવલ્લી જીલ્લા માટે કોરોના પ્રાણઘાતક સાબિત થઈ રહ્યો છે, મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી સંક્રમણના ભય હેઠળ મોડાસા શહેરમાં કોરોના પોઝેટીવ દર્દીઓની સંખ્યા વધવાની સાથે મૃત્યુ આંક પણ સતત વધી રહ્યો છે. મોડાસા શહેરમાં એક યુવાન અને ૪ વૃદ્ધ લોકોને કોરોના ભરખી જતા લોકોમાં કોરોનાની બીમારીએ ફફડાટ ફેલાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં મોડાસાની ૭૦ વર્ષીય મહિલા અને ભિલોડાના ઘાંટી ગામે અમદાવાદથી આવેલ વૃદ્ધ કોરોનાગ્રસ્ત બન્યાના ગણતરીના કલાકોમાં હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. મોડાસા શહેર સહીત જીલ્લામાં કોરોનાથી સતત થઈ રહેલ મૃત્યુથી આરોગ્ય વિભાગ ગોથે ચઢ્યું છે. જીલ્લામાં મૃત્યુદરમાં સતત થઇ રહેલો વધારો આરોગ્યતંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ લોકો ઉઠાવી રહ્યા છે.

# મોડાસામાં લોકડાઉનની કપરી સ્થિતિમાં પણ રિક્ષાવાળાની ઈમાનદારી ન ડગી

## મહિલાને બે મહિનાની શોધખોળ બાદ સોનાની કડી સાથે પાકિટ પરત કર્યું

મોડાસા, તા. ૨

કોરોના વાઈરસને લઈને સમગ્ર દેશમાં લોક ડાઉન હતું, આવા સમયમાં નાના અને મધ્યમ વર્ગના પરિવારો માટે કપરો સમય હતો, પણ આવા સમયમાં મોડાસામાં રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવતા રિક્ષા ચાલક ઈમાનદારીની મિસાલ બન્યા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસામાં બે માસ પૂર્વે કોલેજિયન યુવતી સલીમભાઈની રિક્ષામાં બેઠી હતી. મોડાસા કોલેજ નજીકથી યુવતી રિક્ષામાં બેઠા બાદ તે બસ સ્ટેશન જવા માટે નિકડી હતી. યુવતીનું સ્ટેશન આવતા તે ઉતરી ગઇ અને સલીમભાઈ પોતાની બીજી સવારી માટે તેઓ પોતાના રિક્ષા સ્ટેન્ડ પર પહોંચી ગયા. ત્યારબાદ રિક્ષા એક બાજુ મૂકી સાફ કરી રહ્યા હતા. આ અરસામાં સલીમભાઈને રિક્ષામાંથી એક પાકીટ મળ્યું, જેમાં કેટલાક રોકડ નાણાં તેમજ સોનાની બે કડી હતી. રિક્ષામાંથી પાકિટ મળતા સલીમભાઈ તુરંત જ બસ સ્ટેશન બાજુ ગયા અને યુવતીને શોધવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેઓ મળ્યા નહીં.

પાકિટમાં રહેલ ફોટાના આધારે સલીમભાઈએ યુવતીની શોધ ચાલુ રાખી તેવામાં લોક ડાઉન શરૂ થયું. લોક ડાઉન હોવા છતાં પણ સલીમભાઈ તેમના પ્રયત્નો ચાલુ રાખ્યા. આ દરમ્યાન તેમને કોલેજના એક શિક્ષક જુનેદ સાબલિયા તેમજ બેન્કમાં કામ કરતા એક અરબાઝભાઈનો સંપર્ક કરી બધી માહિતી આપી હતી. આ બન્ને વ્યક્તિઓએ પોતાના સંપર્ક થકી પાકીટવાળા બેનને શોધી કાઢ્યા.

આખરે યુવતીની શોધખોળ થતાં તેઓ બાયડના હોવાનું જાણવા મળ્યું અને તેમનું નામ સપના બહેન ભરવાડ હતું. સપનાબહેન પણ પાકિટને લઈને ખૂબ ચિંતામાં હતા અને પણ તેમનું પાકિટ મળી ગયું હોવાની વાત મળતા તેઓ ઘણાં જ ખુશ થયા હતા. તેઓની તબિયત સારી ન



હોવાથી પાકીટનો કબજો લેવા માટે તેમના માસા આવ્યા હતા અને પાકિટના મલિક અંગેની ખરાઈ કરી સલીમભાઈએ પાકીટ સપનાબહેનના પરિવારજનના સભ્ય કરણભાઈને સોંપ્યું હતું. સલીમભાઈ ભલે રિક્ષા ચલાવીને તેમના પરિવારનું ગુજરાન ચલાવતા હતા, પણ તેમની ઈમાનદારીની હાલ તેઓ ઈમાનદારીની મિસાલ બની ગયા છે. આવા કપરા સમયમાં પણ તેઓ યુવતીની શોધખોળ કરીને સોનાની કડી સાથેનું પાકિટ પરત કરીને સાચા કોરોના વોરિયર્સ બની ગયા છે.

# સાબરકાંઠાની આરબીએસકે ટીમ કોરોના વોરીયર્સ બની ૧૫ દિવસ અમદાવાદના કુબેરનગરમાં સર્વે કર્યો

## ૧૦ તબીબો, ૮ ફીમેલ હેલ્થવર્કર અને ૬ ફાર્માસીસ્ટ પરીવારથી દુર રહ્યા, પરત આવેલી ટીમને કોરોન્ટાઈ કરી દેવાયા

સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા ૧૦ તબિબો, ૮ ફીમેલ હેલ્થવર્કર અને ૬ ફાર્માસીસ્ટને રાજ્ય સરકારે કોરોનાની કામગીરી માટે ૧૫ દિવસ અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં સર્વે માટે મોકલાયા હતા. જેમણે ૪૫ ડીગ્રી ગરમીમાં પણ પરીવારથી દુર રહીને ૬૦ હજારથી વધુ લોકોનો સર્વે કરી આ ટીમ કોરોના વોરીયર્સની હકદાર બની છે. જોકે કામગીરી પૂર્ણ થયા બાદ આરબીએસકેની ટીમ પરત આવતા સરકારની ગાઈડલાઈન્સ મુજબ તેઓ કોરોન્ટાઈન થઈ ગયા છે.

આ અંગેની વિગત એવી છે કે ગુજરાતમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં નોધાયા બાદ ખુદ રાજ્ય અને કેન્દ્ર સરકાર હચમચી ગઈ હતી અને કોરોના વાયરસના કેસો વધે નહી તે માટે સમગ્ર અમદાવાદમાં કડક લોકડાઉન અને કરફયુનો ચુસ્ત અમલ કરાવાઈ રહ્યો હતો ત્યારે સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા ૧૦ તબિબો, ૮ ફીમેલ હેલ્થ વર્કર અને ૬ ફાર્માસીસ્ટોને કામચલાઉ કામગીરી માટે અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં મુકાયા હતા જોકે તે વખતે એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં સંપુર્ણ પ્રવેશબંધી હોવાને લીધે આ આરોગ્યના કર્મચારીઓએ સતત ૧૫ દિવસ સુધી પરીવારથી દુર રહીને કુબેરનગરમાં સર્વેની કામગીરી ખંતથી પાર પાડી હતી.

ત્યારબાદ આ ટીમ સાબરકાંઠામાં પરત આવતાની સાથે જ તંત્ર દ્વારા તેમને ૧૪ દિવસ માટે કોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. જે પાછળનું મુખ્ય કારણ એ છે કે જો કોરોના વાયરસના કોઈ લક્ષણો હોય તો તેઓ બીજાના સંપર્કમાં આવે નહી અને અન્ય સ્વસ્થ લોકો પણ સંકમણનો ભોગ ન બને આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ અમદાવાદના કુબેરનગરમાંથી આવેલી ટીમના સભ્યો સ્વસ્થ છે. આ ઉપરાંત સાબરકાંઠાના વિવિધ સ્થળે ફરજ બજાવતા આરોગ્ય કર્મચારીઓને પણ અમદાવાદના સરસપુર, ગોમતીપુર સહિતના અન્ય સ્થળે ફરજ પર મુકાયા હતા.

**ઘરમાં રહો... સુરક્ષિત રહો...**

# બનાસકાંઠામાં કોવિડ-૧૯ કંટ્રોલ રૂમ દ્વારા કોરેન્ટાઇન લોકો પર કલેકટરની સીધી નજર

રાજ્યના સરહદી જિલ્લા બનાસકાંઠામાં કોરોના મહામારી ની વચ્ચે જિલ્લા સમાહરતા સંદિપ




સાંગલે અને તેમની ટીમ દ્વારા કોવિડ ૧૯ કંટ્રોલ રૂમ ૨૪ બાય ૭ કાર્યરત કરાયો છે.આ અંગે સંવાદાતા હરેશ જાષી સાથે વાતચીત કરતા કલેક્ટરએ જણાવ્યુ હતુ કે રાજ્ય અને કેન્દ્ર સરકારની સુચનાથી સરહદી બનાસકાંઠામાં કોવિડ ૧૯ કંટ્રોલ રૂમ ૨૪ બાય ૭ મે માસના આરંભમાં કાર્યરત કરાયો છે. જિલ્લાના કોરોના ગ્રસ્ત એરીયા અને પાલનપુર ડીસા કોવિડ હોસ્પિટલમાં જુદી-જુદી જગ્યથી બાજ નજર રાખવામાં આવી રહી છે. જિલ્લામાં બહારથી આવેલા લોકોને સેલ્ફ ડિક્લેરેન ફોમ ભરાવી કોવિડ ૧૯ ટ્રેકર એપ મોબાઈલમાં ડાઉનલોડીગ કરાવવામાં આવે છે.

કોવિડ કંટ્રલ રૂમ ઈચાર્જ પ્રકાશભાઈએ જણાવેલ કે કોરોન્ટાઈ કરેલ વ્યક્તિ તેના ઘરમાંથી કે સેન્ટરમાંથી બહાર જાય તો સધો ટ્રેસ કરવામાં આવે છે.આ અંગે સ્કીન ઉપર દર્શાવેલ લાલ કલર સેન્ટર કે ઘર છે અને બ્લુ કલર જે તે વ્યક્તિ છે.તે બહાર નિકળે તો તેની જાણ તાલુકાની ટીમને કરાય છે.તેની સામે નોટીસ દંડ અને ના માને તો પોલીસ ફરીયાદ સુધીના પગલા લેવામાં આવી રહ્યા છે.

# જન્મદિનની પાર્ટી મનાવવી યુવક અને મિત્રોને મોંઘી પડી

ડીસા તાલુકાના ઝાબડીયા ગામે પરમિશન લીધા વગર જન્મદિનની ઉજવણી કરનાર યુવક અને તેના મિત્રો વિરૂદ્ધ જાહેરનામા ભંગનો ગુનો દાખલ થતા ચકચાર મચી જવા પામી છે. ડીસા સહિત જિલ્લામાં ધંધા રોજગાર શરતી શરૂ થવા પામ્યા છે પરંતુ ચાર કે વધુ લોકો ન ભેગા થવા સહિતનું જિલ્લા કલેક્ટરનું જાહેતનામું અમલમાં છે ત્યારે ડીસા રૂરલ પોલીસ મથકે ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ બાબરજી વરસંગજી સ્ટાફ સાથે ઝાબડીયા ગામે ફરતા હતા. ગામના કિરણજી ધૂંખાજી પરમારે પોતાના જન્મદિન નિમિતે લોકો ભેગા કર્યા હોવાની બાતમી મળેલ તેથી પંચોને સાથે રાખી તેના ઘરે જઈ પૂછપરછ કરતા તેણે મિત્ર સર્કલના નરેશજી પ્રહલાદજી પરમાર, જયસિંગ જામજી પરમાર, રણજીતજી સરતજી પરમાર અને વિનાજી ખુમાજી પરમાર સાથે મળી જન્મદિનની પાર્ટી મનાવી હોવાની કબૂલાત કરેલ. જેથી કલેકટરના જાહેરનામાનો પણ ભંગ કરતા ૫ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસા જલારામ મંદિરને એક લાખનું માતબર દાન

જરૂરિયાતમંદો અને ભૂખ્યાજનો માટે મુખ્ય આધાર બનેલ ડીસા જલારામ મંદિરે લોકડાઉન-૧ એટલે કે તારીખ ૨૪/૩/૨૦ થી નિરંતર ભોજન ભંડારો ચાલુ છે.દાતાઓના દાનનું ઘોડાપૂર, ટ્રસ્ટીઓની સતત દેખરેખ અને નિષ્ઠાવાન કાર્યકરોની કર્મઠતાના ત્રિવેણી સંગમથી કોરોનાના કપરા કાળમાં પણ જલારામ મંદિર દ્વારા અભૂતપુર્વ ભોજન સેવા થઇ છે. ત્યારે ગઈકાલે તારીખ ૧/૬/૨૦ ને સોમવારે ડીસા જલારામ મંદિરે ચેકબુક લઈને ડીસા નગરના અનુભવ સમૃધ્ધ, જ્ઞાન સમૃધ્ધ, વય સમૃધ્ધ, વાંચન સમૃધ્ધ અને સમજણ સમૃધ્ધ એવા ૯૬ વર્ષના ડોક્ટર કે.પી.આસનાની (શ્રી ખેમપાલભાઈ પરમાનંદજી આસનાની) તેમના સુપુત્ર અને ડીસા-ગુજરાતના ખ્યાતનામ નેત્ર ચિકિત્સક ડોક્ટર કિશોરભાઈ આસનાની સાથે જલારામ મંદિરે પધારી ભોજનાલયની મુલાકાત લીધી.તેમણે બધી વિગતો જાણી, કામગીરી નિહાળી, ટ્રસ્ટીઓ-દાતાઓ અને કાર્યકરોની સરાહના કરી અનહદ રાજીપો વ્યક્ત કરી ભોજન ભંડારા માટે રુપિયા એક લાખનો ચેક અર્પણ કરી ધન્યતા અનુભવી. મંદિરે ઉપસ્થિત જલારામ ભકતો કનુભાઈ આચાર્ય, શશીકાંતભાઈ ડી.ઠક્કર, પરેશભાઈ લક્ષ્મીનારાયણ સહિત સૌએ ડોક્ટર કે.પી.આસનાનીને વંદન કરી આશીર્વાદ લીધા અને આભારની લાગણી વ્યક્ત કરી. સમાજસેવકને આજની સલામ...